# <u>વાગરાના મે. એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા મુ.વાગરા</u>

**<u>ક્રિમિનલ કેસ નંબર-૧૩૫૩/૨૦૨૪</u>**

ફરીયાદી- ચિરાગ ગજજર (સાયંટીસ-સી ભારતીય માનક બ્યુરો
દૂરસંચાર ભવન, સુરત

વિરૂઘ્ધ

આરોપી-(૧) એમ.એસ. અંશિકા પોલીસર્ફ લિમિટેડ

સી-૩૮૩/૧ સાયખા અરગામા જી.આઇ.ડી.સી. ભરૂચ

(૨) અતુલકુમાર જૈન (ડાયરેકટર)

(૩) અનુભવ જૈન (ડાયરેકટર)

(૪ ) મઘુ જૈન(ડાયરેકટર)

(૫) શૈલી જૈન(ડાયરેકટર)

સી-૩૮૩/૧ સાયખા અરગામા જી.આઇ.ડી.સી. ભરૂચ

**<u>ગુનો : -ભારતીય માનક બ્યુરોની કલમ-૧૭(૧) સાથે વંચાણે લેતા કલમ ૨૯ (૧) મુજબ</u>**

**ફરીયાદી તરફે વિ.વ. શ્રી એસ.પી. છાપીયા**

**આરોપીઓ તરફે વિ.વ. શ્રી ડી.જે.જોષી**

## <u>ચુકાદો</u>

આ કામના આરોપીઓ સામે ભારતીય માનક બ્યુરોની કલમ-૧૭(૧) સાથે વંચાણે લેતા કલમ ૨૯(૧) મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેનો આરોપ છે. સદર કામે આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ પોતાના વિ.વ. શ્રી સાથે હાજર થતા આ કામે આરોપીઓને ફરીયાદ તથા સાથે રજુ દસ્તાવેજી પુરાવાની નકલો વિના મુલ્ય પુરી પાડવામા આવેલ ત્યારબાદ આ કામે ફરીયાદી દ્રારા આ કામના આરોપી નં. ૪ તથા ૫ નાઓ ફરીયાદમા જણાવેલ

સર્ચસિઝર સમયે એટલે કે ગુના બનતા સમયે આરોપી નં.૪ , ૫ આરોપી નં.૧ કંપનીના ડાયરેકટર તરીકે ન હતા અને સદર આરોપી નં. ૪, ૫ દ્વારા તારીખ-૧૫/૦૬/૨૦૨૨ ના રોજ કંપનીમાથી રાજીનામુ આપી દિધેલ હોય ગુનો બનતા સમયે તે આરોપીઓ કંપનીના રોજ બરોજના વ્યવહારો સાથે સંકળાયેલા ન હોય આરોપી નં. ૪, ૫ સામેની ફરીયાદ પરત ખેંચવા મતલબની આંક-૧૬ થી પુરસીસ રજુ કરેલ અને આરોપી નં.૪, ૫ સામેની ફરીયાદ વિડ્રો કરેલ જે પુરસીસ આધારે આરોપી નં.૪, ૫ ને આ ગુનાના કામે વિડ્રો પુરસીસ આધારે નિર્દોષ છોડી મુકવામા આવેલ છે. જયારે આરોપી નં. ૧, ૨,૩ દ્વારા આરોપીઓ તેમની સામેનો આક્ષેપિત ગુનો કબુલ કરવા માંગતા હોય તે મતલબની લેખિત ગુના કબૂલાત પુરસીસ આંક-૧૮ રજુ કરતા આરોપીઓને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામા આવેલ અને આરોપીઓ કોઈ પણ જાતના દાબદબાણ વગર સ્વૈછિક રીતે ગુનો કબૂલ કરતા હોવાનુ જણાવેલ અને આરોપીઓની આંક- ૧૯ થી આંક-૨૧ થી પ્લી રેકર્ડ કરતા તેમા પણ આરોપીઓએ ગુનો કબૂલ કરતા હોવાનુ જણાવેલ છે. આ કામે કબૂલાત પુરસીસ પરનો ફરીયાદી દ્વારા શેરો કરી જણાવવામા આવેલ છે કે એક્ટની જોગવાઈઓ અનુસાર યોગ્ય ન્યાયોચીત હુકમ કરવા અરજ છે.

આમ આરોપીઓ તેમની સામેનો ગુનો સ્વૈછિક રીતે કબુલ કરતા હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીઓએ ગુનાની કબૂલાત પુરસીસમા જણાવેલ છે કે તેઓની ગુનો કબૂલ મંજુર છે તેમનો આ પ્રથમ ગુનો છે અને આરોપી કંપની દ્વારા શરતચૂકથી લાયસન્સ રહી ગયેલ છે અને જે માલ બનેલ છે તે સ્ટાન્ડર્ડ માર્ક મુજબ બનેલ છે અને તેઓની ઉપર દયા કરી માત્ર યોગ્ય રકમનો દંડ કરવા વિનંતી કરેલ છે. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈછિક રીતે કબુલ કરતા હોય આરોપીઓની સ્વૈચ્છિક ગુના કબુલાતનો સ્વીકાર કરી કેસની હકિકતો અને સંજોગો દયાને રાખી સદર હુ ગુનામા આરોપી નં ૧ થી ૩ નાઓને તકસીરવાન ઠરાવી ન્યાના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## <u>-:હુકમ:-</u>

આ કામના આરોપી (૧) એમ.એસ. અંશિકા પોલીસર્ફ લિમિટેડ (૨) અતુલકુમાર જૈન (ડાયરેકટર) (૩) અનુભવ જૈન (ડાયરેકટર) સી-૩૮૩/૧ સાયખા અરગામા જી.આઈ.ડી.સી. ભરૂચનાને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૫૨

અન્વયે તેની સામે માનક બ્યુરોની કલમ-૧૭(૧) સાથે વંચાણે લેતા કલમ-૨૯(૧) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપી દીઠ રૂ.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પુરા) કુલ રૂપિયા ૬, ૦૦,૦૦૦/-(અંકે રૂપિયા છ લાખ પુરા) દંડ અને જો આરોપીઓ દંડ ના ભરે તો દિન-૧૫(પંદર) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

આ કામના આરોપી નં. ૪ તથા ૫ નાઓ વિરૂધ્ધની હાલની ફરીયાદ ફરીયાદી વિડ્રો કરતા હોય આંક-૧૬ ની વિડ્રો પુરસીસ આધારે આરોપી નં ૪, ૫ નાઓ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે સીઝ કરેલ મુદામાલ આરોપી નં. ૧ થી ૩ નાઓએ ભારતીય માનક બ્યુરો એકટ અન્વયેની જરૂરી પરવાનગીઓ કે પ્રમાણપત્રો રજુ કરેથી આરોપીઓને પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૧૦/૨૦૨૪
સ્થળ વાગરા

**(આર. સી. સોઢા પરમાર)**
એડી. ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ,
વાગરા,
**કોડ નં.જીજે ૦૧૧૫૮**